

# ગાંધીઘર કછોલી



## गांधीघर कछोली

**ગાંધી વિચારધારા પ્રચાર, બધિર ઉત્કર્ષ અને અન્ય કલ્યાણકારી પ્રવૃત્તિઓનું સામયિક**


**તંત્રી : ડૉ. ઈશ્વરચંદ્ર દેસાઈ**

**વર્ષ : ૨૯ મું** • **ઓક્ટોબર – ૨૦૧૯** • **અંક : ૧૭૭ થી ૧૮૨**

वर्ष : २९ वां • अक्तुबर – २०१९ • अंक : १७७ से १८२



મુ.પો. કછોલી- ૩૯૬ ૩૭૦, રે. સ્ટે. અમલસાડ (પ.રે.) તા. ગણદેવી, જિ. નવસારી (ગુજરાત).

ફોન : (૦૨૬૩૪) ૨૭૦૭૫૯, ૨૭૨૨૫૯, ટેલીફેક્ષ : (૦૨૬૩૪) ૨૭૦૫૫૯. : ૯૯૭૮૬૭૨૨૫૯

E-Mail : gandhigharkachholi@gmail.com Our Website : www.gandhigharkachholi.com




સંસ્થાના આધસ્થાપક
કર્મયોગી
સ્વ. કીકુભાઈ નાયક

## નૂતન વર્ષાભિનંદન

**આગામી નૂતન વર્ષ આપના જીવન-પ્રાંગણને રંગબેરંગી સજાવટથી શોભાવે એવી શુભકામના. આ વર્ષે વરસાદે વિશેષ વ્હાલ વરસાવીને જે રીતે ધરતીને તરબતર કરી તેવુંજ વિશેષ વ્હાલ ભાગ્યની દેવી આપના તથા આપના કુટુંબીજનો પર વરસાવતી રહે એવી અંતરેચ્છા. આપણા સૌના હૃદયની હુંફ, ઉદારતા અને કરૂણા મુકબધિર (દિવ્યાંગો) પ્રતિ વહેતી રહે એવી પ્રભુને પ્રાર્થના.....**

લિ.
અમો છીએ. આપના

| બળવંતરાય નાયક | અનિલભાઈ નાયક | ઈશ્વરચંદ્ર દેસાઈ | મનોજકુમાર નાયક |
|---|---|---|---|
| પ્રમુખ | ઉપપ્રમુખ | મંત્રી | સંચાલક |

તથા
ટ્રસ્ટી મંડળ – ગાંધીઘર પરિવાર કછોલી

દિવ્યાંગ વ્યક્તિને પણ સ્વમાનભેર જીવવાનો અધિકાર છે,
એમના આ અધિકારનું જતન અને સન્માન આપણી ફરજ.

YEARS OF CELEBRATING THE MAHATMA

.... સંપાદકીય ....



# ગાંધીએ એવું તે શું કર્યું ?

## રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી સાર્ધ શતાબ્દિ વર્ષની ઉજવણી નિમિત્તે

આ ઓકટોબરની બીજી તારીખે ગાંધીજીના જન્મનાં દોઢસો વર્ષ પૂરાં થયા છે ત્યારે જનમાન સમાં ઝાંખી થતી એમની સ્મૃતિની વાટને સંકોરીને પ્રકાશથી ઝળહળતી કરવાની જરૂર ખરી ? શા માટે આપણે એમને ભૂલવા ન જોઈએ ? શા કારણે આપણે એમને ફરી ફરીને યાદ કરવા પડે ? એમની જીવનયાત્રાથી આજની પેઢીને કંઈ લાભ થાય ખરો ? '' આજના યુગમાં ગાંધીની પ્રસ્તુતતા'' ની ચર્ચા પેપરો અને સામાયિકોમાં થતી જ હોય છે.

આ બધા આનુષાંગિક વિષયો છોડી મૂળ વાત પર આવીએ. ગાંધીજીએ એવું તે શું કર્યું કે આ દેશ કે દુનિયાએ એમને ભૂલવા ન જોઈએ ?

- શું સદીઓની ગુલામીથી હતાશ, નિરાશ, નિર્વિર્ય ભારતવાસીની, ઉદાસીનતા ખંખેરી તેને આશાસ્પદ તરવરાટથી તરવરતો કરવા બદલ ? માટીમાંથી મરદ બનાવ્યા તેથી ?
- શું પોતાની ફરતે પ્રતિભાવાન નેતાઓનું આભામંડળ ઊભું કરી શકયા તેથી ?
- શું કામદારથી માંડીને કિસાન સુધીની, હરિજનોથી માંડીને સ્ત્રીઓમાંની લઘુતા ગ્રંથિ કાઢી આંતરિક શકિતને વહેતી કરવા બદલ ?
- શું લોકહૃદય સાથે સીધું જોડાણ કરતા (નમક સત્યાગ્રહ સમા) સર્વસ્પર્થી આંદોલનો દ્વારા વિરાટ લોકજાગૃતિની સફળ અજમાયશ કરી ભારતને આઝાદી અપાવવા બદલ ?
- શું ઉપવાસ, મૌન, પ્રાર્થના, દ્વારા આંતરશુદ્ધિ જાળવી એકાદશ વ્રતની સાધનાની ભેટ ધરવા બદલ?
- ઉન્નત માનવીય મૂલ્યોને પુનર્જિવિત કરી '' માનવતાનું મેરૂ પદ'' પામવાની દિશા–દર્શન કરવા બદલ?

## હા, એજ કારણે આપણે ગાંધીને ભૂલવા ન જ જોઈએ.

આવી ભૂરકીથી અંજાઈને શ્રી કીકુભાઈ સમા આપણા અનેક દેશજનોએ ભાઈઓ અને બહેનોએ–તન,મન,ધન સમર્પી દેશની ભૂમિ તથા પ્રજાને સત્ય, સહિષ્ણુતા, પ્રેમ અને કરૂણા સભર બનાવી. સમાજને સ્વાતંત્ર્ય, સ્વદેશી, સહકાર સેવા તથા સર્વોદયની નવાજેશ કરી. આ એમને સદા સ્મૃતિમય રાખવા માટે પૂરતું નથી શું ?

## ગાંધીઘર કછોલી સંસ્થાના બધિર કુમાર, કન્યાશાળાના દિવ્યાંગ વિદ્યાર્થીઓએ ખેલમહાકુંભ ૨૦૧૮માં અનેરી સિધ્ધિ હાંસલ કરી.

ઓલ ગુજરાત સ્પોટર્સ કાઉન્સીલ ઓફ ધી ડેફ અમદાવાદ, સ્ટેટ એપેક્ષ બોડી ફોર ડેફ અમદાવાદ સ્પોર્ટસના સહયોગથી વર્ષ ૨૦૧૮ નો ખેલ મહાકુંભ એથ્લેટીક તથા વોલીબોલ ટુર્નામેન્ટ વીર સાવરકર રમતગમત સંકુલ અમદાવાદ ખાતે મેયર મહોદયાના વરદ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. સમગ્ર ગુજરાત રાજયમાંથી (દિવ્યાંગો) મુકબધિર સંખ્યામાંથી ૨૩૦૦ (તેવીસો) જેટલા ભાઈ–બહેનો એ ઉત્સાહભેર ભાગ લીધોહતો.


જેમાં ગાંધીઘર કછોલી સંસ્થા સંચાલિત ગ.કી. નાયક કન્યાવિદ્યાલય માંથી ૪૪ (ચુમ્માલીસ) વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેમાં ૧૦૦ મીટર, ૨૦૦ મીટર, ૪૦૦ મીટર અને ૮૦૦ મીટર દોડ અને ૪×૧૦૦ રીલે દોડ, ગોળાફેક, ચક્રફેક, લાંબીકૂદ, ઉંચીકુદ તથા વોલીબોલમાં ભાગલઈ વોલીબોલમાં ત્રીજોક્રમ ૯ (નવ) મેડલ એથ્લેટીક ૧૬થી ઉપરમાં ૮૦૦ મી.માં પ્રથમ, બીજો અને ત્રીજોક્રમ, અંડર ૧૬ વર્ષમાં ૮૦૦ મીટર માં બીજો અને ત્રીજો ક્રમ પ્રાપ્ત

કરી કુલ ૧૪ મેડલ હાંસલ કર્યા.

જયારે બ. અને ઈ. નાયક બહેરાં–મુંગાની શાળા માંથી એથ્લેટીક માં ભાલાફેક પ્રથમ ઉંચીકુદ પ્રથમ અને તૃતીય, ૧૬ વર્ષથી ઉપરમાં ઉંચીકુદ પ્રથમ અને તૃતીય ક્રમે ૪×૧૦૦ માં તૃતીય ૪ અને વોલીબોલ માં ૯ મેડલ હાંસલ કર્યા હતા. કુલ ૧૮ મેડલ હાંસલ કર્યા હતા.

ઉપરોકત દેખાવ માટે ગાંધીઘર કછોલી ટ્રસ્ટી મંડળ, શાળા પરિવારે તમામ ખેલાડી તથા શિક્ષકભાઈ બહેનોને અભિનંદન પાઠવ્યા હતા. ઉપરોકત ખેલ મહાકુંભમાં અમદાવાદ ખાતે કુમાર–કન્યાશાળાના શિક્ષક ભાઈ–બહેન હાજર રહી પ્રોત્સાહીત કર્યા હતા.


## ગાંધીઘર કછોલી ખાતે વિશ્વવંદનીય પરમ પૂજ્ય મોરારીબાપુના વરદહસ્તે નવા બંધાયેલ બધિર કન્યા સંકુલનો ઉદ્‌ઘાટન સમારોહ તા. ૧૫/૧૨/૨૦૧૮ને શનિવાર ના રોજ યોજાયો.





ગાંધીઘર કછોલીના આદ્યસ્થાપક પ્રમુખશ્રી કીકુભાઈ ગુલાબભાઈ નાયકની નેમ હતી કે ગજરાબેન કીકુભાઈ નાયક બધિર કન્યા વિદ્યાલય માટે અદ્યતન તમામ સુવિધા સજ્જ શાળા, છાત્રાલય, રસોડું, પ્રાર્થના હોલ બને જેના ઉદ્‌ઘાટન પ્રસંગે અતિથિ વિશેષ ભદ્રાયુ વચ્છરાજાની – રાજકોટ, આદિજાતિ વિકાસ વન પર્યાવરણ મંત્રીશ્રી ગણપતભાઈ વસાવા – ગાંધીનગર, લવજીભાઈ બાદશાહ – સુરત, નાનુભાઈ સાવલીયા – સુરત, ધારાસભ્યશ્રી પિયુષભાઈ દેસાઈ, નવસારી અને ધારાસભ્યશ્રી નરેશભાઈ પટેલ, ગણદેવી તથા બધિર કન્યા સંકુલના દાતાશ્રીઓ તમામ સંસ્થા શુભેચ્છક ભાઈ–બહેનો સામાજીક, શૈક્ષણિક, ધાર્મિક તેમજ સરકારશ્રીના તમામ ખાતાકીય અધિકારીશ્રી, જીલ્લા પોલીસ અધિકારીશ્રી તથા અન્ય શુભેચ્છકો, ગ્રામજનો, શાળા પરિવાર, ભૂતપૂર્વ મુકબધિર વિદ્યાર્થીઓની હાજરીમાં મુખ્ય મહેમાન શ્રી ભદ્રાયુ વચ્છરાજાની (રાજકોટ) જણાવ્યું કે કીકુભાઈનું વ્યકિતત્વ સાદગીભર્યું અને ગાંધીજીને સમર્પિત હતું. પ.પૂ. મોરારીબાપુએ પ્રથમ વિશ્વવંદનીય ગાંધીબાપુની ચેતનાને પ્રણામ કરી સ્વ. સરદાર પટેલની આજની પુણ્યતિથિ ના દિને સ્મરણાંજલિ અર્પી હતી તથા સ્વ. કીકુભાઈ નાયકના ગાંધી અનુરાગને બિરદાવી સ્મરણાંજલિ સહ પ્રણામ કરી પોતાની વાણીનો પ્રારંભ કર્યો હતો. મેં ગાંધીનાં દર્શન નથી કર્યા પણ ગાંધી વિચારો મુજબ જીવન જીવનારાઓ પૈકી કીકુભાઈએ સદ્ અને વદ્ થી ઊંચાઈ પ્રાપ્ત કરી હતી અને ભવ્ય સ્મરણાંજલિ આપી હતી.

ગાંધીઘર કછોલી એક ભવ્ય મંદિર છે આજે ગાંધી આપણી વધુ નજીક આવી રહયા છે. આવી સંસ્થાઓ જોતાં ગાંધીનું સ્મરણ થઈ જાય છે. ગાંધીને ગાવો, ગાંધીને સાંભળો અને ગાંધીને જીવો. સ્વતંત્ર ભારતે મર્યાદામાં રહેવું જોઈએ. ઉપરોકત શબ્દો પ.પૂ. મોરારીબાપુએ ગ.કી.નાયક બધિર કન્યા સંકુલના ઉદ્ઘાટન પ્રસંગે ગાંધીઘર ખાતે ઉચ્ચાર્યા હતા, અને મુકબધિર (દિવ્યાંગ) બાળકો અને સંસ્થા ખૂબ પ્રગતિ કરે એવા શુભઆશીર્વાદ આપ્યા હતા.




## ગાંધીઘર કછોલી ખાતે શ્રી કીકુભાઈ ગુલાબભાઈ નાયક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગણદેવી તાલુકાની શાળાઓ માટે વિવિધ સ્પર્ધાઓ તા. ૮-૮-૨૦૧૯ થી તા. ૪-૯-૨૦૧૯ દરમ્યાન યોજાઈ હતી

ગાંધી, સરદાર ના મુલ્યો ગાંધી વિચારોનું સંવર્ધન અને વ્યસન મુકિત આંદોલનને લક્ષ્યમાં રાખી ટ્રસ્ટે ઉગતી પેઢીને યોગ્ય દિશાઓ બતાવવા માટે પ્રખર ગાંધીવાદી સ્વ. કીકુભાઈને ભાવીપેઢીના ઉછેર માટે ઘણી ચિંતા હતી. એમના વિચારોને લક્ષ્યમાં રાખી કીકુભાઈ નાયક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દેશભકિત ગીત, ભજન, નિબંધ, કેશગુંફન, મહેંદી, વકતૃત્વ, ચિત્રકલા જેવી ઉપરોકત તમામ સ્પર્ધાઓનું આયોજન ગાંધીઘર કછોલી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં સર્વ વિભાગોમાં ૩૫૦ કુમાર-કન્યાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં વિજેતાઓને પ્રમાણપત્ર અને મોમેન્ટો ટ્રસ્ટ તરફથી આપવામાં આવશે.

## તા. ૬/૪/૨૦૧૯ ના રોજ સ્વ. કીકુભાઈ ગુલાબભાઈ નાયકની ૧૪ (ચૌદમી) પુણ્યતિથિએ સમાજ સેવકોનું અભિવાદન કરાયું

ગાંધીઘર કછોલી સંસ્થાના આદ્યસ્થાપક સંવર્ધક સ્વ. શ્રી કીકુભાઈ નાયકની ૧૪મી પુણ્યતિથિએ મુખ્ય મહેમાન તરીકે શ્રી ભાગવતઆચાર્ય પ.પૂ. ભરતભાઈ વ્યાસ - ધરમપુર, અતિથિવિશેષ પદે નખશિખ ગાંધીવાદી ઉત્તમભાઈ પરમાર - કીમ, તથા કી.ગુ.નાયક ચેરીટેબલ ટ્રસ્ટના ઉપપ્રમુખશ્રી અનિલભાઈ નાયક - કછોલી, મંત્રીશ્રી અબ્બાસઅલી તાઈ - સોનવાડી, સન્માનિત સભ્યશ્રીઓ આમંત્રિત મહેમાનો તથા ગાંધીઘર કછોલી પરિવારની હાજરીમાં સ્વ. કીકુભાઈ નાયકના સ્મારક પાસે દીપપ્રાગટય કરી સ્વર્ગસ્થને શ્રધાંજલિ અર્પી હતી.

ગ.કી.નાયક બધિરકન્યા વિદ્યાલય દ્વારા પ્રાર્થના અને સ્વાગત ગીત રજુ કરાયું, સન્માનિત શ્રેષ્ઠી તથા પધારેલ મહેમાનોનું શાબ્દિક તેમજ સુતરની આંટી અને પુસ્તક દ્વારા સ્વાગત કરાયું.

દર વર્ષની માફકશ્રી કીકુભાઈ ગુલાબભાઈ નાયક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૧૮નો સ્વસ્થ સમાજ ક્ષેત્રનો એવોર્ડ વિજેતા (ગુજરાત રાજય) ગાંધીઅનુરાગી બહેનશ્રી નિરંજનાબેન કલાર્થી-સ્વરાજ આશ્રમ, બારડોલીનું સન્માન મુખ્ય મહેમાન પ.પૂ. ભરતભાઈ વ્યાસના હસ્તે સાલ, સન્માનપત્ર, મોમેન્ટો, પુસ્તક એનાયત દ્વારા કરવામાં આવ્યું હતું. એજ રીતે બધિર કલ્યાણ ક્ષેત્રે વર્ષ ૨૦૧૮નો એવોર્ડ (ગુજરાત રાજય) દેગામ, કરાયા, વાપી બહેરાં મુંગાની શાળાના પ્રમુખશ્રી ડાૅ. મોહનભાઈ દેવ ને અતિથિ વિશેષ ઉત્તમભાઈ પરમારના હસ્તે શાલ, સન્માનપત્ર, મોમેન્ટો એનાયત કરવામાં આવ્યા હતા. નવસારી, વલસાડ અને ડાંગ જીલ્લાના મહિલા અને બાળ કલ્યાણ ક્ષેત્રે

પ્રશંસનીય કામગીરી કરવા બદલ નવસારી જીલ્લાના ડૉ. મધુરીકાબેન નાયક–સામાજીક કાર્યકર, વલસાડ જીલ્લાના સરલાબેન પટેલ–આદર્શ મહિલા મંડળ પાથરી, વલસાડ, ડાંગ જીલ્લાના જાગૃતિબેન નાયક–ડાંગ સ્વરાજ આશ્રમને મહેમાનો દ્વારા શાલ અને સન્માનપત્ર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા.

મુખ્ય મહેમાન ભરતભાઈ વ્યાસે પોતાના વકતવ્યમાં જણાવ્યું કે કીકુભાઈએ દિવ્યાંગો માટે અને શોષિતોના શ્રેય માટે પ્રગટાવેલી જયોત આજે પણ પ્રજવલિત છે. આધુનિક ટેકનોલોજીના ઉપયોગ થકી આ મુકબધિર બાળક પણ આગળ આવે અને સમાજ જીવનમાં રાહ ભરી શકે એવું શિક્ષણ મળે છે. દિવ્યાંગો માટે ઉત્કૃષ્ટ જીવન શ્રેય સમાજની લાગણી અને સહિયારા પુરૂષાર્થની જરૂર છે, કીકુભાઈના કાર્યમાંથી આપણે પણ પ્રેરણા લઈને સમાજ સેવાનાં કામો કરવાંજ પડશે.

અતિથિ વિશેષ ઉત્તમભાઈ પરમારે પોતાના વકતવ્યમાં જણાવ્યું કે સરસ્વતીની સાચી વંદનાતો કીકુભાઈ એ ૧૯૬૨માં આ દિવ્યાંગ બાળકોની શાળા શરૂ કરીને કરી. કીકુભાઈ ધીરગંભીરતા ગમેએવા વિકટ સંજોગોમાં પણ ધૈર્ય રાખી કાર્યને આગળ ધપાવે અને મુક બધિરોનાં સેવા કાર્ય અનેક વિધ કાર્યક્રમો દ્વારા શાળા સંચાલન માટે હંમેશા તત્પર રહેતા આવા ગાંધીજનો મળવા મુશ્કેલ છે. આ વિશાળ સંકુલમાં મુક બધિર બાળકો માટે શાળા છાત્રાલય તથા અન્ય સુવિધાઓ પુરી પાડવા માટે તમામ દાતાશ્રીઓ ટ્રસ્ટી મંડળ અને કર્મચારી ભાઈઓ–બહેનોનો ફાળો મુખ્ય છે. સંસ્થા પ્રગતિ કરે એવી શુભેચ્છા પાઠવી.

સન્માનિત નિરંજનાબેન કલાર્થી સ્વરાજ આશ્રમ બારડોલીએ જણાવ્યું કે શિક્ષણ ક્ષેત્રે પોતે આદિવાસી કન્યા ઓના શ્રેય માટે કરેલા પ્રદાન માટે મહાત્મા ગાંધી, સરદાર અને પોતાના પિતા ઉત્તમચંદ શાહ પાસે થી અને કીકુભાઈ પાસેથી પ્રેરણા મેળવી હોવાનું જણાવ્યું હતું ગાંધીઘર કછોલી સંસ્થાપરિવારની કાર્યશૈલીની પ્રશંસા કરી હતી એમને મળેલી સન્માનની રકમ આદિવાસી કન્યા કેળવણી માટે ખર્ચ કરવાની જાહેરાત કરી હતી. ગાંધીઘર કછોલીનો આભાર વ્યકત કર્યો હતો.

દેગામ વાપી બહેરાં મુંગાની શાળાના પ્રમુખશ્રી મોહનભાઈ દેવે જણાવ્યું કે આવી ૫૮ વર્ષથી શિક્ષણ ક્ષેત્રે કાર્યરત સંસ્થા દ્વારા મુકબધિર ક્ષેત્રે શિક્ષણ આપવાની પ્રેરણા મેળવી કાર્ય શરૂ કરેલ. તેમની સ્મૃતિને તાજી કરી સંસ્થાનો આભાર માન્યો હતો આ સંસ્થાની જયારે જરૂર પડે ત્યારે એમનું માર્ગદર્શન મેળવતા રહીશું.

મુકબધિર બાળકોને સમગ્ર કાર્યક્રમની શબ્દ સહ સમજ સાઈન લેંગ્વેજમાં આપવામાં આવી હતી.

## ગાંધીઘર કછોલી સંચાલિત બ. અને ઈ. નાયક બહેરાં મુંગાની શાળા અને ગ. કી. નાયક બધિર કન્યા વિદ્યાલય કછોલીમાં ૨ જુલાઈ ૨૦૧૯ માં નવા પ્રવેશ લીધેલ કુમાર ૧૬, કન્યા ૧૪, નો પ્રવેશોત્સવ અને શાળાના ૫૮માં સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી.







તા. ૨–૭–૨૦૧૯ના દિને ૫૮માં શાળા સ્થાપના દિનની ઉજવણી નિમિત્તે સંસ્થા ખાતે કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટયથી કરવામાં આવી. બધિર કન્યા દ્વારા પ્રાર્થના અને સ્વાગત ગીત રજૂ કરાયું, પ્રાસંગિક પ્રવચનમાં સંચાલકશ્રી મનોજકુમારે જણાવ્યું કે કોઈપણ દિનની ઉજવણી કરવી એ ખુબજ સરળ છે પરંતુ એના ભુતકાળના દિવસો અને એના સંચાલન કાર્યકાળને યાદ કરીએ તોજ ખ્યાલ આવે કે એ દિવસો અને આજના દિવસો માં કેટલો તફાવત છે. કીકુભાઈ નાયક દ્વારા સ્થાપિત મુકબધિર શાળા તા. ૨–૭–૧૯૬૨ થી કાર્યરત શાળાએ આર્થિક, સામાજીક એવાં ઘણાં બધાં પરિબળોનો સામનો કર્યો હતો. અને સમાજમાં જઈને આર્થિક અને અન્ય ઉપયોગી ચીજવસ્તુઓનો દાતાઓ તરફથી સ્વીકાર કરી સંસ્થાને કાર્યરત રાખી જે આપણે આજે જોઈ રહયા છીએ. સરકારી, દાતાશ્રીઓ, શુભેચ્છકો, ગ્રામજનોના સહયોગથી સંસ્થાએ પ્રગતિ કરી છે. જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી ભગીરથ ચુડાસમા એ જણાવ્યું કે સંસ્થાના બાળકો અને તમામ સ્ટાફ ખૂબજ સેવાભાવી અને ઉત્સાહી હોવાનું જણાયું છે. સંસ્થાની પ્રથમ વખત મુલાકાત લેનાર દાતાશ્રી વિનોદભાઈ – સુરત એ જણાવ્યું કે મુકબધિર બાળકોનો ઉત્સાહિત ચહેરો, સાંસ્કૃતિક કાર્યક્રમ અને સંસ્થાની સ્વચ્છતા જોઈને ખુબ પ્રભાવિત થયો છું. હિરલભાઈ પટેલ અને જયેશભાઈ પટેલ (યુ.એસ.એ) તરફથી દરેક વિદ્યાર્થી ઓને સ્કુલ યુનીફોર્મ (હસ્તક મયુરભાઈ લાપસીવાલા–સુરત) તરફથી અપાયા હતા. રાજુભાઈ ડોડીયા તરફથી મિષ્ટાન ભોજન આપવામાં આવ્યું હતું, સોમનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ તરફથી નવા પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓને ૨૬ (છવ્વીસ) નંગ દફતર આપવામાં આવ્યાં હતાં. મુકબધિર દિવ્યાંગ બાળકોએ પોતાની રીતે તૈયાર કરેલ કૃતિઓ રજુ કરી હતી સંસ્થાપરિવારે સર્વ પધારેલ મહેમાનોનો ખુબ આભાર માન્યો હતો.

## તા. ૧૫–૮–૨૦૧૯ ના દિને ૭૩મો સ્વાતંત્ર્ય દિન અને રક્ષાબંધન (બળેવ) નો સંસ્થા ખાતે કાર્યક્રમ યોજાયો

સંસ્થા ખાતે દરેક ધાર્મિક, રાષ્ટ્રીય, તહેવારોની ઉજવણી ઉત્સાહભેર કરવામાં આવે છે. જેના ભાગ રૂપ ૭૩મા સ્વાતંત્ર્ય દિને તાલુકા પંચાયતના પ્રમુખશ્રીમતી ભાણીબેન જે. પટેલ, ડઢોરા ના વરદ હસ્તે ધ્વજવંદન શાળા પરિવાર તથા ગ્રામજનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. ત્યારબાદ રક્ષાબંધન (બળેવ) ના કાર્યક્રમ માટે યંગસ્ટાર ઓફ નવસારી અને લાયન્સ કલ્બ ઓફ આંતલીયાના સંયુકત ઉપક્રમે રક્ષાબંધનનો કાર્યક્રમ યોજાયો. પ્રથમ સંસ્થાના સંચાલકશ્રીએ પધારેલ મહેમાનોનું શાબ્દિક તેમજ પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત અને પ્રાસંગિક વકતવ્ય રજુ કર્યું અને ત્યારબાદ પધારેલ મહેમાનો અને મુકબધિર બાળા એ દરેકને રાખડી બાંધી અને ભાઈ–બહેનના ગીતો ગાયાં અને યંગસ્ટાર ના પ્રમુખશ્રીએ એમની પ્રવૃત્તિની માહિતી આપી હતી. ઉપરોકત સંસ્થાના સ્થાપક પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ (દરબારે) નવા નવા કાર્યકરોની કામગીરીઓ બિરદાવી હતી અને નવસારી જીલ્લામાં અન્ય કોઈપણ સ્થળે આકસ્મિક મુશ્કેલી હોય ત્યારે કોઈપણ ની રાહજોયા વિના તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવા સદા તત્પર રહે છે. અને ગાંધીઘર કછોલી ને જયારે જરૂર પડે આર્થિક સહાયતા મળી જ રહેશે. લાયન્સ કલબ ઓફ આંતલીયાના મનોજભાઈએ સૌને જણાવ્યું કે આ સેવાકાર્યમાં હરહંમેશાં અમારી કલબ સાથ સહકાર આપતી આવેલ છે. અને હાલમાં એમણે કલબ તરફથી પ્રાર્થના હોલ માટે બે (૨) વોલ ફેન આપવાની જાહેરાત કરી હતી.

## ગાંધીઘર કછોલી ખાતે સામાજીક વનીકરણ વિભાગ નવસારી દ્વારા જીલ્લા કક્ષાના ૭૦મા વનમહોત્સવની ઉજવણી થઈ




તા. ૪–૮–૨૦૧૯ના રવિવારના દિને જીલ્લા કક્ષાના ૭૦મા વનમહોત્સવ કાર્યક્રમમાં સમારંભના અધ્યક્ષશ્રી આર. સી. પટેલ, માન. નાયબ મુખ્ય દંડકશ્રી ગુજરાત રાજય વિધાનસભા, માન. માજી વનમંત્રીશ્રી મંગુભાઈ સી. પટેલ, ડૉ. બી. સુચિન્દ્રા, નાયબ વનસંરક્ષકશ્રી વલસાડ ઉત્તર તથા ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ આમંત્રિત મહેમાનો, શાળા પરિવાર ગ્રામજનો, ખેડુતભાઈ–બહેનો ની ઉપસ્થિતિ માં પ્રથમ સ્વાગત પ્રવચન એમ. એલ. મીના નાયબ વન સંરક્ષકશ્રી નવસારીએ કર્યા બાદ ગ.કી. કન્યા દ્વારા પ્રાર્થના રજુ કરવામાં આવી અને મહેમાનોનું વૃક્ષના છોડ આપી સ્વાગત કરવામાં આવ્યું. એમ. એલ. મીના નાયબ વન સંરક્ષકશ્રી નવસારી વિભાગ દ્વારા વૃક્ષારોપણ અંગે વિસ્તૃત માહિતી આપી વર્ષ ૨૦૧૯ના વૃક્ષારોપણનાં લક્ષ્યાંક સાથે વૃક્ષ રથ પણ સામેલ હતો. માજી. વનમંત્રીશ્રી મંગુભાઈ એ જણાવ્યુંકે આ સંસ્થાના સ્થાપક પ્રમુખ શ્રી કીકુભાઈ એ જે બીજ વાવ્યાં હતાં તે વટવૃક્ષ બન્યો છે અને આ મુકબધિર (દિવ્યાંગ) બાળકોનું સ્મિતજોઈને ખ્યાલ આવે કે અહીં બાળકોની કેવી કાળજી લેવાય છે. વૃક્ષારોપણ અંગે ખૂબ વિસ્તૃત માહિતી આપી. અને વૃક્ષ ઉછેર માટે સર્વેને અપીલ કરી હતી. શ્રી આર. સી. પટેલે વૃક્ષની જાળવણી અંગે ભાર મુકયો હતો અને વૃક્ષ એક લાભ અનેકની માહિતી આપી સંસ્થા સંકુલ જોઈ પ્રભાવિત થયા હતા. અને સંસ્થાને શુભેચ્છા પાઠવી હતી. અને દિવ્યાંગ કન્યા ઓ દ્વારા વૃક્ષ બચાવ અંગે કૃતિ રજુ કરાઈ હતી. મહાનુભાવોની ઉપસ્થિતિમાં શાળાના મેદાન ની ફરતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું કાર્યક્રમના અંતે રાષ્ટ્રગાન ગવાયા બાદ ભોજન લઈ કાર્યક્રમ પૂર્ણ થયેલો જાહેર કર્યો. સમગ્ર કાર્યક્રમ સંચાલન એમ. એન. મીના સાહેબ–નવસારી એ કર્યું હતું.

## તા. ૫–૯–૨૦૧૯ ના દિને શાળામાં શિક્ષક દિન ઉજવાયો

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન નિમિત્તે સમગ્ર ભારત વર્ષ તા. ૫–૯–૨૦૧૯ના દિને શિક્ષક દિન તરીકે ઉજવાય છે. જેના ભાગ રૂપે કુમાર અને કન્યા શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સ્વયં શાળા સંચાલન કાર્ય સંભાળી પોતે પણ એક સામાન્ય વ્યકિત ની જેમ શિક્ષણ દ્વારા સમાજ સેવા કરી શકીએ એવી ભાવના સાથે જુદા જુદા વિષયો વિષય શિક્ષક બની આનંદ વ્યકત કર્યો. બપોર બાદ શિક્ષક ભાઈ–બહેનોના માર્ગદર્શન માટે નવસારી ના અને પીપલગભાણ હાઈસ્કુલ આચાર્યશ્રી દર્શનભાઈ દેસાઈ દ્વારા માર્ગદર્શન મેળવ્યું જેના વકતવ્યમાં જણાવાયું, પ્રથમતો આ સંસ્થાના સ્થાપક પ્રમુખશ્રી અને ટ્રસ્ટના સંચાલકશ્રી ની કાર્યવાહી ને બિરદાવી વિશાળ સંકુલ મુકબધિરોની શિક્ષણ પ્રણાલી અને એમણે જણાવ્યું કે સમગ્ર સમાજમાં જો કોઈપણ વ્યકિતનું શીશ નમે તો પ્રથમ શિક્ષકને અને ધરતીપુત્ર ખેડુતને નમે છે શિક્ષકનો પવિત્ર વ્યવસાય છે. સાચો શિક્ષક સખત પરિશ્રમ આપણા ભરોસે વાલી ઓ બાળકોને મુકે છે. જેનું ઋણ અદા કરવાની આપણી ફરજ છે. પધારેલ વકતાને સ્મૃતિ ભેટ અને પુસ્તક અર્પણ કર્યુ હતું. આભારવિધિ સંચાલકશ્રી મનોજભાઈ નાયકે વ્યકત કરી રાષ્ટ્રગાન ગવાયા બાદ કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

શ્રી સંદિપભાઈ (મુકબધિર)–સુરત જેઓ ફોટો ફ્રેમીંગનો વ્યવસાય ધરાવે છે, એમણે શિક્ષક દિન નિમિત્તે સંસ્થાના તમામ કર્મચારીઓને તૈયાર ફોટો ફ્રેમ ભેટમાં આપી હતી.

### ગાંધીઘર કછોલી સંચાલિત

# જયાબેન ઠાકોરભાઈ પટેલ નિસર્ગોપચાર કેન્દ્ર

નયનરમ્ય હરિયાળી વચ્ચે સકારાત્મક ઊર્જા અને પ્રાણવાયુથી ભરેલા વાતાવરણમાં ભારતીય શાસ્ત્રોની અમુલ્ય ભેટ એવા આયુર્વેદ અને કુદરતી ઉપચાર પદ્ધતિથી અપાતી અનેક સારવારો જે આપના તન–મનને સ્વસ્થ બનાવી તાજગી આપનાર પૂરવાર થશે.

• બોડી મસાજ • કેરાલીયન થેરેપી (શિરોધારા) • મડ બાથ (માટી સ્નાન) • સ્ટીમ બાથ (વરાળ સ્નાન) • એક્યુપ્રેશર

• યોગ–પ્રાણાયામ જેવી આડ અસર રહિત અનેક ચિકિત્સા પદ્ધતિઓનો ઉપયોગ કરી **ડાયાબિટીસ – પેરાલિસિસ–બ્લડ પ્રેશર– હૃદય રોગ–સ્થુળતા–સાંધાના દુઃખાવા – વા – જેવા હઠીલા રોગોના** ઉપચાર કરવામાં આવે છે. સાથે સાથે **ડિપ્રેશન–માનસિક તણાવ–એસિડિટી–કબજીયાત–ગેસ–અપચો–ભૂખ ન લાગવી – ઉંઘ ન આવવી જેવા અનેક રોગો** માટે નિષ્ણાત ડૉક્ટરના માર્ગદર્શન હેઠળ અનુભવી ચિકિત્સકો દ્વારા સારવાર આપવામાં આવે છે. **એન. આર. આઈ. તેમજ બહારગામથી આવનાર દર્દીઓ માટે A.C. રૂમો નિવાસી રૂમો તેમજ ભોજનની સગવડ પણ ઉપલબ્ધ છે. ફોન : (૦૨૬૩૪) ૨૭૦૭૫૯, ૨૭૨૨૫૯ - Ext. - 30**

વિશ્વના વૈજ્ઞાનિકોએ સાબિત કર્યું છે કે સ્વસ્થ અને નિરોગી શરીરમાંજ સ્વસ્થ મન રહે છે. અને તન–મન બંને જો સ્વસ્થ હોય તો જ સુખી જીવન શકય છે.


## ગાંધીઘર કછોલી ટ્રસ્ટી મંડળ

• **શ્રી બળવંતરાય જી. નાયક** – પ્રમુખ – ગાંધીઘર કછોલી

• **શ્રી અનિલભાઈ નાયક** – ઉપ પ્રમુખ – કછોલી
• **ડૉ. ઈશ્વરચંદ્ર દેસાઈ** – મંત્રી – બીલીમોરા
• **શ્રી અતુલભાઈ અજમેરા**–ટ્રસ્ટી – મુંબઈ
• **શ્રી શરદભાઈ પટેલ** –ટ્રસ્ટી – મુંબઈ
• **શ્રી સુરેશભાઈ પટેલ** –ટ્રસ્ટી – ખડસુપા
• **શ્રી સુરેશચંદ્ર દેસાઈ** –ટ્રસ્ટી – બીલીમોરા
• **શ્રી જીતુભાઈ ભકત** –ટ્રસ્ટી – નનસાડ
• **હીના મીલર** –ટ્રસ્ટી – કછોલી
• **શ્રી સંદિપ મહેતા** –ટ્રસ્ટી – કછોલી
• **ડાં. અશોકકુમાર નાયક** –ટ્રસ્ટી – ગણદેવી


## ગાંધીઘર કછોલી ટ્રસ્ટની પ્રવૃત્તિઓ

- કન્યા સંસ્કાર મંદિર
- ડા.ગો. સાર્વજનિક દવાખાનું અને મ.ભી. પ્રસુતિગૃહ
- બળવંતરાય અને ઈન્દુબેન નાયક બહેરાં–મુંગાની શાળા પ્રાથમિક વિભાગ (ધો. ૧ થી ૮), માધ્યમિક વિભાગ (ધો. ૯ થી ૧૦) (નોન ગ્રાન્ટેડ)
- દેવબાળ કુમાર છાત્રાલય
- દેવબાળ કન્યા છાત્રાલય
- ઠાકોરભાઈ હરિભાઈ પટેલ અને ધ. ખુ. પટેલ આદિવાસી બાલવાડી
- ગ.કી.નાયક બધિર કન્યા વિદ્યાલય પ્રાથમિક વિભાગ (ધો. ૧ થી ૮), માધ્યમિક વિભાગ (ધો. ૯ થી ૧૦) (નોન ગ્રાન્ટેડ)
- રોટરી કોમ્પ્યુટર સેન્ટર (આઈ.ટી.આઈ. માન્યતા પ્રાપ્ત ડી.ટી.પી. તાલીમ વર્ગ – ફકત બધિરો માટે)
- ગૌશાળા
- વિકલાંગ (દિવ્યાંગ) પુનઃવસન તથા માર્ગદર્શન કેન્દ્ર
- જયાબેન ઠાકોરભાઈ પટેલ નિસર્ગોપચાર કેન્દ્ર શ્રી મોરારજી દેસાઈ કુદરતી ઉપચાર, પ્રચાર અને સંશોધન કેન્દ્ર (પીરામીડ, સજીવખેતી સંશોધન અને વિકાસ)
- ગાંધીઘર કછોલી સંચાલિત ઉચ્ચતર મા. વિ. બહેરાં–મુંગાની શાળા
- (દિવ્યાંગ) (મિશ્ર) (ધો. ૧૧–૧૨) (નોન ગ્રાન્ટેડ)
- 'ગાંધીજીવન' દર્શન–પ્રદર્શન


**પ્રકાશક : માલિક : પ્રમુખશ્રી બળવંતરાય જી. નાયક**
**ગાંધીઘર કછોલી, મુ.પો. કછોલી, રે. સ્ટે. અમલસાડ (પ.રે.) તા. ગણદેવી,**
**જિ. નવસારી. પીન : ૩૯૬ ૩૭૦. ફોન : (૦૨૬૩૪) ૨૭૨૨૫૯, ૨૭૦૭૫૯ : ૯૯૭૮૬૭૨૨૫૯**
**તંત્રીશ્રી : ડાં. ઈશ્વરચંદ્ર એમ. દેસાઈ, ગૌતમ એપાર્ટમેન્ટ, બીલીમોરા. ફોન (૦૨૬૩૪) ૨૮૪૦૬૮**
**મુદ્રક : શ્રી ક્રિષ્ના ગ્રાફિક્સ, બીલીમોરા, મો.: ૯૮૨૫૧૦૦૬૬૩, ૯૯૭૯૬૭૦૬૭૫**

**નોંધ : આ અંકને આપ હમારી વેબસાઈટ (www.gandhigharkachholi.com) ઉપર વાંચી શકશો.**